| ૭ | ૧૭૧ | ડીસા | એસ.સી.ડબલ્યુ.હાઈસ્કૂલ, ડીસા | - | તત્વજ્ઞાન | |
| ૭ | ૧૭૨ | ડીસા | ડી.એન.પી. ગર્લ્સ હાઈસ્કૂલ, ડીસા | - | તત્વજ્ઞાન | |
| ૭ | ૧૭૩ | ડીસા | સરદાર પટેલ હાઈસ્કૂલ, ડીસા | - | તત્વજ્ઞાન | |
| ૭ | ૧૭૪ | ધાનેરા | એચ.કે.આકો.વિવે.વિદ્યા., ધાનેરા | - | તત્વજ્ઞાન | |
| ૭ | ૧૭૫ | ધાનેરા | ડી.બી.પારેખ હાઈસ્કૂલ, ધાનેરા | - | તત્વજ્ઞાન | |
| ૭ | ૧૭૬ | કાંકરેજ | ઓગડ વિદ્યામંદિર, થરા | - | તત્વજ્ઞાન | |
| ૭ | ૧૭૭ | પાલનપુર | કુંભાસણ હાઈસ્કૂલ, કુંભાસણ | - | તત્વજ્ઞાન | |
| ૭ | ૧૭૮ | થરાદ | ગાયત્રી વિદ્યાલય, થરાદ | - | તત્વજ્ઞાન | |
| ૭ | ૧૭૯ | થરાદ | ગાયત્રી વિદ્યાલય, થરાદ | - | તત્વજ્ઞાન | |
| ૭ | ૧૮૦ | વડગામ | એસ.યુ.એન.મહેતા હાઈસ્કૂલ, છાપી | - | તત્વજ્ઞાન | |
| ૭ | ૧૮૧ | વડગામ | કે.જી.મહેતા ઉ.મા.શાળા, મેમદપુર | - | તત્વજ્ઞાન | |
| ૭ | ૧૮૨ | વાવ | મહેતા એન.એસ.વિનયમંદિર, વાવ | - | તત્વજ્ઞાન | |
| ૮ | ૧૮૩ | અમીરગઢ | શ્રી આર. આર. વિદ્યાલય, અમીરગઢ | - | હિન્દી | |
| ૮ | ૧૮૪ | ભાભર | આદર્શ ઉ.મા.શાળા, ભાભર | - | હિન્દી | |
| ૮ | ૧૮૫ | કાંકરેજ | શેઠ એમ.ડી.અ.ભા.વિદ્યા., ખીમાણા | હિન્દી | - | વિજ્ઞાન પ્રવાહ |
| ૮ | ૧૮૬ | પાલનપુર | વિનય વિદ્યામંદિર, ટાકરવાડા | - | હિન્દી | |
| ૯ | ૧૮૭ | દાંતા | રાજમણી વિદ્યાલય, સણાલી | - | મનોવિજ્ઞાન | |
| ૯ | ૧૮૮ | ડીસા | માતૃકૃપા ચંચળબા ઉ.મા.શાળા, ટેટોડા | - | મનોવિજ્ઞાન | |
| ૯ | ૧૮૯ | ડીસા | સરદાર પટેલ હાઈસ્કૂલ, ડીસા | - | મનોવિજ્ઞાન | |
| ૯ | ૧૯૦ | કાંકરેજ | ઓગડ વિદ્યામંદિર, થરા | - | મનોવિજ્ઞાન | |
| ૯ | ૧૯૧ | કાંકરેજ | શ્રી વિનય વિદ્યામંદિર, થરા | - | મનોવિજ્ઞાન | |
| ૯ | ૧૯૨ | થરાદ | ગાયત્રી વીદ્યાલય, થરાદ | - | મનોવિજ્ઞાન | |
| ૯ | ૧૯૩ | થરાદ | આર.સી.મહેતા ઉ.બુ.વિદ્યાલય, નારોલી | - | મનોવિજ્ઞાન | |
| ૯ | ૧૯૪ | વાવ | મહેતા એન.એસ. વિનયમંદિર, વાવ | - | મનોવિજ્ઞાન | |
| ૯ | ૧૯૫ | વાવ | મહર્ષિ કણાદ ગુરુકુળ વિદ્યાલય, સુઈગામ | - | મનોવિજ્ઞાન | |
| ૧૦ | ૧૯૬ | અમીરગઢ | આર.આર.વિદ્યાલય, અમીરગઢ | - | ભુગોળ | સામાન્ય પ્રવાહ |
| ૧૦ | ૧૯૭ | ભાભર | સર્વોદય વિદ્યામંદિર, ભાભર | - | ભુગોળ | |
| ૧૦ | ૧૯૮ | ડીસા | એચ.વી.વાલાણી હાઈસ્કૂલ, ભીલડી | - | ભુગોળ | |
| ૧૦ | ૧૯૯ | ડીસા | સરસ્વતી વિદ્યાલય, લાખણી | - | ભુગોળ | |
| ૧૦ | ૨૦૦ | ડીસા | માતૃકૃપા ચંચળબા ઉ.મા.શાળા, ટેટોડા | - | ભુગોળ | |

(વધુ પાન-૮ ઉપર )

**ન્યાય વાંચ્છુ શિક્ષકો માટે બોધ :-** ન્યાય અને હક્કની બાબતે જો તમે સાચા હોવ તો, લડવૈયાને શોભે તે રીતે સભ્યતાથી હક્ક માટે રજુઆત કરવી અને લડવું. પોતાની લાગણી અને વાચા રજુ કરવી અન્યાથા, પડ્યા બોર વેણી ખાવા. માત્ર ફરક એટલોજ પડશે કે, ભારતમાતાની નવી આવનાર પેઢી નમાલી પેદા થશે. કારણ કે શિક્ષકો દેશના ભાવિના આદર્શ અને ઘડવૈયાઓ કહેવાય છે.

(પાન-૭ ઉપરનું ચાલુ .. જિલ્લાની ખાલી જગ્યઓની યાદી )

| વિષય ક્રમ | ક્રમ | તાલુકો | શાળાનું નામ | માધ્યમિક વિભાગમાં ખાલી જગ્યા વિષય | ઉચ્ચ.માધ્ય. વિભાગમાં ખાલી જગ્યા વિષય | ધો-૧૧નો ક્રમિક વર્ગ મળવાથી |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧૦ | ૨૦૧ | ડીસા | એસ.સી.ડબલ્યુ. હાઇસ્કૂલ, ડીસા | - | ભુગોળ | |
| ૧૦ | ૨૦૨ | ધાનેરા | ડી.બી.પારેખ હાઇસ્કૂલ, ધાનેરા | - | ભુગોળ | સામન્ય પ્રવાહ |
| ૧૦ | ૨૦૩ | કાંકરેજ | શ્રીઓગડ વિદ્યામંદિર, થરા | - | ભુગોળ | સામાન્ય પ્રવાહ |
| ૧૦ | ૨૦૪ | કાંકરેજ | એમ.વી.વાલાણી હાઇસ્કૂલ, શિહોરી | - | ભુગોળ | - |
| ૧૦ | ૨૦૫ | કાંકરેજ | શ્રી વિનય વિદ્યામંદીર, થરા | - | ભુગોળ | |
| ૧૦ | ૨૦૬ | થરાદ | ગાયત્રી વિદ્યાલય, થરાદ | - | ભુગોળ | ઉ.માધ્યમિક વિભાગ |
| ૧૦ | ૨૦૭ | વડગામ | એસ.યુ.એન.મહેતા હાઇસ્કૂલ, છાપી | - | ભુગોળ | |
| ૧૦ | ૨૦૮ | વાવ | મહેતા એન.એસ.વિનયમંદીર, વાવ | - | ભુગોળ | |
| ૧૦ | ૨૦૯ | વાવ | મહેતા એન.એસ.વિનયમંદીર, વાવ | - | ભુગોળ | ઉ.મા. વિભાગ વિભાગ |
| ૧૧ | ૨૧૦ | દાંતા | સ્વામિ એ.પી.ઉ.મા.શાળા, હડાદ | - | આંકડાશાસ્ત્ર | |
| ૧૧ | ૨૧૧ | દાંતા | બી.ડી.આરાસુરી કન્યા વિદ્યા., અંબાજી | - | આંકડાશાસ્ત્ર | |
| ૧૧ | ૨૧૨ | ડીસા | દોશી એન.જે.આદર્શ હાઇસ્કૂલ, ડીસા | - | આંકડાશાસ્ત્ર | |
| ૧૧ | ૨૧૩ | ડીસા | સરદાર પટેલ હાઇસ્કૂલ, ડીસા | - | આંકડાશાસ્ત્ર | |
| ૧૧ | ૨૧૪ | દીયોદર | વી.કે.વાઘેલા હાઇસ્કૂલ, દીયોદર | - | આંકડાશાસ્ત્ર | |
| ૧૧ | ૨૧૫ | ધાનેરા | એચ.કે.આકો.વિવે.વિદ્યા., ધાનેરા | - | આંકડાશાસ્ત્ર | |
| ૧૧ | ૨૧૬ | કાંકરેજ | એમ.વી.વાલાણી. હાઇસ્કૂલ, શિહોરી | - | આંકડાશાસ્ત્ર | |
| ૧૧ | ૨૧૭ | કાંકરેજ | શ્રી વિનય વિદ્યામંદિર, થરા | - | આંકડાશાસ્ત્ર | |
| ૧૧ | ૨૧૮ | પાલનપુર | ન.લ.ઝવેરી સાર્વ.હાઇસ્કૂલ, ગઢ | - | આંકડાશાસ્ત્ર | |
| ૧૧ | ૨૧૯ | પાલનપુર | એસ.બી.વી.ચાવડા સર. હાઇ.,પાલનપુર | - | આંકડાશાસ્ત્ર | ધો-૧૧નો ક્રમિક વર્ગ મળવાથી |
| ૧૧ | ૨૨૦ | પાલનપુર | વિવિધલક્ષી વિદ્યામંદિર, પાલનપુર | - | આંકડાશાસ્ત્ર | |
| ૧૧ | ૨૨૧ | પાલનપુર | સી.બી.ગાંધી નુતન હાઇસ્કૂલ,પાલનપુર | - | આંકડાશાસ્ત્ર | |
| ૧૧ | ૨૨૨ | પાલનપુર | શ્રીમતીએસ.કે.મહેતા હાઇસ્કૂલ, જગાણા | - | આંકડાશાસ્ત્ર | |
| ૧૧ | ૨૨૩ | થરાદ | ગાયત્રી વિદ્યાલય, થરાદ | - | આંકડાશાસ્ત્ર | |
| ૧૧ | ૨૨૪ | વડગામ | કે.જી.મહેતા ઉ.મા.શાળા, મેમદપુર | - | આંકડાશાસ્ત્ર | |
| ૧૨ | ૨૨૫ | દાંતા | ગ્રામ પંચાયત ઉ.મા.શાળા, અંબાજી | - | નામું | |
| ૧૨ | ૨૨૬ | ડીસા | એચ.વી.વાલાણી હાઇસ્કૂલ, ભીલડી | - | નામું | |
| ૧૨ | ૨૨૭ | ડીસા | દોશી એન.જે.આદર્શ હાઇસ્કૂલ, ડીસા | - | નામું | |
| ૧૨ | ૨૨૮ | દાંતીવાડા | પાંથાવાડા હાઇસ્કૂલ, પાંથાવાડા | - | નામું | |
| ૧૨ | ૨૨૯ | કાંકરેજ | શ્રી વિનય વિદ્યામંદિર, થરા | - | નામું | |
| ૧૨ | ૨૩૦ | પાલનપુર | શ્રી વિવિધલક્ષી વિદ્યામંદિર, પાલનપુર | - | નામું | |
| ૧૨ | ૨૩૧ | પાલનપુર | સી.બી.ગાંધી નૂતન હાઇસ્કૂલ,પાલનપુર | - | નામું | |
| ૧૨ | ૨૩૨ | પાલનપુર | એસ.કે.એમ. હાઇસ્કૂલ, કાણોદર | - | નામું | |
| ૧૨ | ૨૩૩ | થરાદ | ગાયત્રી વિદ્યાલય, થરાદ | - | નામું | |
| ૧૨ | ૨૩૪ | વડગામ | કે.જી.મહેતા ઉ.મા.શાળા, મેમદપુર | - | નામું | |
| ૧૩ | ૨૩૫ | ડીસા | સરદાર પટેલ હાઇસ્કૂલ, ડીસા | - | નામાના મૂળતત્વો | ઉ.મા. વિભાગ વાણિજ્ય પ્રવાહ |
| ૧૩ | ૨૩૬ | ડીસા | સરદાર પટેલ હાઇસ્કૂલ, ડીસા | - | નામાના મૂળતત્વો | |
| ૧૩ | ૨૩૭ | ડીસા | સરદાર પટેલ હાઇસ્કૂલ, ડીસા | - | નામાના મૂળતત્વો | |
| ૧૩ | ૨૩૮ | ડીસા | સરદાર પટેલ હાઇસ્કૂલ, ડીસા | - | નામાના મૂળતત્વો | |
| ૧૩ | ૨૩૯ | દીયોદર | વી.કે.વાઘેલા હાઇસ્કૂલ, પાલનપુર | - | નામાના મૂળતત્વો | |
| ૧૩ | ૨૪૦ | દાંતીવાડા | પાંથાવાડા હાઇસ્કૂલ, પાંથાવાડા | - | નામાના મૂળતત્વો | |

**એક સમજ:-** ન્યાયિક,તથ્યવાળી અને મુદ્દાસરની રજુઆત કરવામાં આવે તો આપણી વાતને ચોક્કસ વાચા આપવામાં આવતી હોય છે, પણ તમામ મદાર આપણા પર રહેલો છે. ગર્ભિત નકારાત્મક પરિણામના ભય અને અપેક્ષાએ પ્રયત્ન વિના બેસી રહેવું જોઈએ નહિ.

(વધુ પાન-૯ ઉપર )

(પાન-૪ ઉપરનું ચાલુ .. જિલ્લાની ખાલી જગ્યઓની યાદી )

| વિષય ક્રમ | ક્રમ | તાલુકો | શાળાનું નામ | માધ્યમિક વિભાગમાં ખાલી જગ્યા વિષય | ઉચ્ચ.માધ્ય. વિભાગમાં ખાલી જગ્યા વિષય | ધો-૧૧નો ક્રમિક વર્ગ મળવાથી |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧૩ | ૨૪૧ | પાલનપુર | શ્રીતીએસ.કે.એમ. મહેતા હાઈ., જગાણા | - | નામાના મૂળતત્વો | |
| ૧૪ | ૨૪૨ | દાંતા | સ્વામી એ.પી.ઉ.મા.શાળા, હડાદ | - | ઉદ્યોગ | |
| ૧૪ | ૨૪૩ | દાંતા | બી.ડી.આરાસુરી કન્યા વિદ્યા., અંબાજી | - | ઉદ્યોગ | |
| ૧૪ | ૨૪૪ | દાંતીવાડા | પાંથાવાડા હાઈસ્કૂલ, પાંથાવાડા | - | ઉદ્યોગ | ઉ.મા.-વિભાગ |
| ૧૪ | ૨૪૫ | કાંકરેજ | શ્રી ઓગડ વિદ્યામંદિર, થરા | - | ઉદ્યોગ | |
| ૧૪ | ૨૪૬ | કાંકરેજ | શ્રી એમ.વી.વાલાણી હાઈસ્કૂલ, શિહોરી | - | ઉદ્યોગ | |
| ૧૪ | ૨૪૭ | કાંકરેજ | શ્રી વિનય વિદ્યામંદિર, થરા | - | ઉદ્યોગ | |
| ૧૪ | ૨૪૮ | પાલનપુર | વિનય વિદ્યામંદિર, ટાકરવાડા | - | ઉદ્યોગ | ધો-૧૧નો ક્રમિક વર્ગ મળવાથી |
| ૧૪ | ૨૪૯ | પાલનપુર | સીટી હાઈસ્કૂલ, પાલનપુર | - | ઉદ્યોગ | ધો-૧૧નો ક્રમિક વર્ગ મળવાથી |
| ૧૪ | ૨૫૦ | પાલનપુર | આર.બી. સંસ્કાર (થું.)વિદ્યા., પાલનપુર | - | ઉદ્યોગ | |
| ૧૪ | ૨૫૧ | વડગામ | એસ.યુ.એન.મહેતા હાઈસ્કૂલ, છાપી | - | ઉદ્યોગ | |
| ૧૫ | ૨૫૨ | ભાભર | સર્વોદય વિદ્યામંદીર, ભાભર | - | એસ.પી. | |
| ૧૫ | ૨૫૩ | ડીસા | દોશી એન.જે.આદર્શ હાઈસ્કૂલ, ડીસા | - | એસ.પી. | |
| ૧૫ | ૨૫૪ | ધાનેરા | એચ.કે.આકો.વિવે.વિદ્યા., ધાનેરા | - | એસ.પી. | |
| ૧૫ | ૨૫૫ | ધાનેરા | ડી.બી.પારેખ હાઈસ્કૂલ, ધાનેરા | - | એસ.પી. | |
| ૧૬ | ૨૫૬ | દાંતા | સ્વામી એ.પી.ઉ.મા.શાળા, હડાદ | - | એકાઉન્ટ | |
| ૧૬ | ૨૫૭ | ધાનેરા | ડી.બી.પારેખ હાઈસ્કૂલ, ધાનેરા | - | એકાઉન્ટ | |
| ૧૬ | ૨૫૮ | વડગામ | શાહ એચ.કે. હાઈસ્કૂલ, પીલુચા | - | એકાઉન્ટ | |
| ૧૭ | ૨૫૯ | ડીસા | એસ.સી.ડબલ્યુ.હાઈસ્કૂલ,ડીસા | - | જીવવિજ્ઞાન | |
| ૧૭ | ૨૬૦ | ડીસા | ડી.એન.પી.ગર્લ્સ હાઈસ્કૂલ, ડીસા | - | વાણિજ્ય વ્યવસ્થા | ઉ.મા. વિભાગ સામાન્ય પ્રવાહ |
| ૧૭ | ૨૬૧ | દાંતીવાડા | સરદાર કૃષિનગર, એસ.કે.નગર | - | જીવવિજ્ઞાન | |
| ૧૭ | ૨૬૨ | ધાનેરા | એચ.કે.આકો.વિવે.વિદ્યા.,ધાનેરા | - | જીવવિજ્ઞાન | |
| ૧૭ | ૨૬૩ | પાલનપુર | શ્રી વિવિધલક્ષી વિદ્યામંદિર, પાલનપુર | - | જીવવિજ્ઞાન | |
| ૧૭ | ૨૬૪ | પાલનપુર | સી.બી.ગાંધી નૂતન હાઈસ્કૂલ,પાલનપુર | - | જીવશાસ્ત્ર | |
| ૧૭ | ૨૬૫ | પાલનપુર | એમ.બી.કર્ણાવત હાઈસ્કૂલ,પાલનપુર | - | જીવશાસ્ત્ર | |
| ૧૭ | ૨૬૬ | પાલનપુર | કે.કે.ગોઠી સ્વસ્તી હાઈ., પાલનપુર | - | જીવશાસ્ત્ર | |
| ૧૭ | ૨૬૭ | પાલનપુર | કે.કે.ગોઠી સ્વસ્તી હાઈ., પાલનપુર | - | જીવશાસ્ત્ર | |
| ૧૮ | ૨૬૮ | વાવ | મહેતા એન.એસ.વિનયમદિંર, વાવ | ચિત્રકામ | - | |
| ૧૮ | ૨૬૯ | વાવ | મહેતા એન.એસ.વિનયમદિંર, વાવ | - | ચિત્રકામ | |
| ૧૮ | ૨૭૦ | વાવ | એમ.સી.પી.એસ.વિદ્યા. તીર્થગામ | - | ચિત્રકામ | |
| ૧૯ | ૨૭૧ | ભાભર | સર્વોદય ઉ.બુ. વિદ્યાલય, સણવા-લાડુલા | કૃષિ (ઉદ્યોગ) | - | |
| ૧૯ | ૨૭૨ | કાંકરેજ | અભિનવ ભા.ઉ.બુ.વિદ્યા., તેરવાડા | કૃષિ (ઉદ્યોગ) | - | |
| ૨૦ | ૨૭૩ | દાંતા | સત્યમ વિદ્યાલય, સોલસંડા | - | સામાજીક વિજ્ઞાન | |
| ૨૦ | ૨૭૪ | થરાદ | આર.સી.મહેતા ઉ.બુ.વિદ્યાલય, નારોલી | સામાજીક વિજ્ઞાન | - | ઉ.મા. વિભાગ |
| ૨૦ | ૨૭૫ | વાવ | મહેતા એન.એસ.વિનયમંદીર, વાવ | વિજ્ઞાન ટેકનોલોજી | - | |
| ૨૦ | ૨૭૬ | વાવ | મહેતા એન.એસ.વિનયમંદીર, વાવ | સામાજીક વિજ્ઞાન | - | |
| ૨૧ | ૨૭૭ | ડીસા | એસ.સી.ડબલ્યુ.હાઈસ્કૂલ, ડીસા | - | લેબ ટીચર | |
| ૨૧ | ૨૭૮ | ડીસા | દોશી એન.જે.આદર્શ હાઈસ્કૂલ, ડીસા | - | જીવવિજ્ઞાન લેબ ટીચર | |
| ૨૧ | ૨૭૯ | દાંતીવાડા | સરદાર કૃષિનગર, એસ.કે.નગર | - | લેબ ટીચર | |
| ૨૧ | ૨૮૦ | પાલનપુર | એમ.બી.કર્ણાવત હાઈસ્કૂલ, પાલનપુર | - | લેબ ટીચર | ધો-૧૧નો ક્રમિક વર્ગ મળવાથી |

**બનાસકાંઠાના જિલ્લામાં ફાજલ થયેલ કેટલાક શિક્ષક/શિ.સહાયકો પોતાને સારી જગ્યાએ ગોઠવાઈ જવા માટે પુરજોરમાં નિષ્ફળ ગુપ્ત અભિયાનમાં જોડાઈ ગયેલ છે, કેટલાકના નામો પુરાવા સાથે ઉપલબ્ધ છે.વચેટીયાઓ સક્રિય થયા છે, પણ ફાવી શકયા નથી, થેન્કસ મા. ડી.ઈ.ઓ.શ્રી બી.કે.પટેલ સાહેબ અને તમારી ટીમને.રાજકીય વગ કામ કરી ગઈ,બાકી વિનંતી કે, ધ્યાન રાખશો તો સારૂ, નહી તો દીવા નીચે અંધારું.**

(વધુ પાન-૧૦ ઉપર )

(પાન-૯ ઉપરનું ચાલુ .. જિલ્લાની ખાલી જગ્યઓની યાદી )

| વિષય ક્રમ | ક્રમ | તાલુકો | શાળાનું નામ | માધ્યમિક વિભાગમાં ખાલી જગ્યા વિષય | ઉચ્ચ.માધ્ય. વિભાગમાં ખાલી જગ્યા વિષય | ધો-૧૧નો ક્રમિક વર્ગ મળવાથી |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૨૨ | ૨૮૧ | કાંકરેજ | એમ.વી.વાલાણી હાઇસ્કૂલ, શિહોરી | - | વાણિજ્ય વ્યવસ્થા | |
| ૨૨ | ૨૮૨ | પાલનપુર | નૂતન ભારતી વિદ્યાલય, મડાણા-ગઢ | - | વાણિજ્ય વ્યવસ્થા | |
| ૨૨ | ૨૮૩ | પાલનપુર | સી.બી.ગાંધી નુતન હાઇસ્કૂલ,પાલનપુર | - | વાણિજ્ય વ્યવસ્થા | |
| ૨૨ | ૨૮૪ | પાલનપુર | એસ.કે.એમ.હાઇસ્કૂલ, કાણોદર | - | વાણિજ્ય ચાલન | - |
| ૨૨ | ૨૮૫ | થરાદ | ગાયત્રી વિદ્યાલય, થરાદ | - | વાણિજ્ય વ્યવસ્થા | |
| ૨૨ | ૨૮૬ | વાવ | મહેતા એન.એસ.વિનયમંદીર, વાવ | - | વાણિજ્ય વ્યવસ્થા | |
| ૨૩ | ૨૮૭ | કાંકરેજ | એમ.વી.વાલાણી હાઇસ્કૂલ, શિહોરી | - | શા.શિ. | |
| ૨૩ | ૨૮૮ | કાંકરેજ | શ્રી વિનય વિદ્યામંદિર, થરા | - | પી.ટી. | |
| ૨૩ | ૨૮૯ | પાલનપુર | સી.બી.ગાંધી નુતન હાઇસ્કૂલ,પાલનપુર | - | શા.શિ. | |
| ૨૩ | ૨૯૦ | પાલનપુર | એમ.બી.કર્ણાવત હાઇસ્કૂલ, પાલનપુર | - | શા.શિ. | |
| ૨૩ | ૨૯૧ | પાલનપુર | એસ.કે.મહેતા હાઇસ્કૂલ, જગાણા | - | શા.શિ. | ધો-૧૧નો ક્રમિક વર્ગ મળવાથી |
| ૨૪ | ૨૯૨ | પાલનપુર | શેઠ ટી.પી. હાઇસ્કૂલ, માલણ | - | ઈતિહાસ | |
| ૨૪ | ૨૯૩ | થરાદ | સામાન્ય માધ્ય.શાળા, ઈઢાટા | - | ઈતિહાસ | |
| ૨૪ | ૨૯૪ | પાલનપુર | એસ.બી.ચા.સર. હાઇસ્કૂલ, પાલનપુર | - | સમાજવિદ્યા | |
| ૨૫ | ૨૯૫ | પાલનપુર | આર.બી. પટેલ(થું.)હાઇસ્કૂલ, પાલનપુર | - | ગ્રંથપાલ | |
| ૨૬ | ૨૯૬ | પાલનપુર | વી.આર.વિદ્યાલય, પાલનપુર | - | ફિઝીક્સ | |
| ૨૭ | ૨૯૭ | થરાદ | ગાયત્રી વિદ્યાલય, થરાદ | - | ફિઝીક્સ | |
| ૨૭ | ૨૯૮ | થરાદ | ગાયત્રી વિદ્યાલય, થરાદ | - | કોમ્પ્યુટર | |
| ૨૭ | ૨૯૯ | પાલનપુર | એસ.કે.એમ.હાઇસ્કૂલ, કાણોદર | - | કોમ્પ્યુટર | |
| ૨૮ | ૩૦૦ | પાલનપુર | એસ.કે.એમ.હાઇસ્કૂલ, કાણોદર | - | ફિઝીક્સ | |
| ૨૮ | ૩૦૧ | વાવ | ગાયત્રી વિદ્યાલય, વાવ | - | ફિઝીક્સ | |
| ૨૯ | ૩૦૨ | વડગામ | કે.જી.મહેતા ઉ.મા.શાળા, મેમદપુર | - | ઉદ્યોગ કેમી.ટેક(ગણિત) | |

**નોંધઃ-** આ યાદી માત્ર ફાજલ શિક્ષકોને જિલ્લામાં વિષયાનુસાર ખાલી જગ્યાઓની માહિતી મળી તે આશયથી છાપવામાં આવેલ છે.
આ યાદીનો ઉપયોગ વિવાદ સમયે પુરાવા તરીકે કે કોર્ટ કચેરીમાં આધાર તરીકે ઉપયોગ કરી શકાશે નહી.
આખરી અને ફાઈનલ યાદી ડી.ઈ.ઓ. કચેરી-બનાસકાંઠા ખાતે શિક્ષકોને માટે જાહેરમાં લગાવેલ છે તે માન્ય ગણવી.


## શું આપને કાનમાં સાંભળવાની તકલીફ છે ?

★ **તો આ રહી સુવિધા**

- ડીઝીટલ મશીન દ્વારા કાનની બહેરાશની તપાસ
- કાનની બહેરાશને અનુલક્ષીને સાંભળવાના મશીન મળશે. જેવાકે




**પોકેટ મશીન**



**કાનની અંદર**




**કાનની પાછળ**

- વિદેશની પ્રખ્યાત કંપનીના હીયરીંગ એઈડ (સાંભળવાના મશીન) ઉપલબ્ધ છે.
- રીપેરીંગ, બેટરી, દોરી,(વાયર) તથા દરેક પ્રકારની એસેસરીઝ મળશે.
- પેન્શનરો માટે ખાસ સ્કીમ

**સંપર્ક કરો**

## મનસ્વી હીયરીંગ કેર એન્ડ મેડીકો સર્વિસીસ

૧૯, ગુરુસદન કોમ્પલેક્ષ, ડો. આનંદ ચૌધરીની હોસ્પિટલની પાસે, સુરેશ મહેતા ચોક,
ગોબરી રોડ, પાલનપુર બનાસકાંઠા
Mo. 9925437927, 9925045141

# બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાના ફાજલ થતા શિક્ષકોને રક્ષણ આપવા બાબતે શિક્ષણ વિભાગનો તા. ૪-૫-૨૦૧૨નો પરિપત્ર....

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ,
**સુધારા ઠરાવ ક્રમાંકઃ બમશ/૧૩૧૦/૧૨૦૧/ગ,**
સચિવાલય, ગાંધીનગર. તાઃ- ૦૪/૦૫/૨૦૧૨

**વંચાણમાં લીધા :-**

(૧) શિ. વિ.નો ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૩૧૦-૧૨૦૧-ગ, તાઃ ૨૨-૧૧-૨૦૧૦.
(૨) શિ. વિ.નો ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૩૧૦-૧૨૦૧-ગ, તાઃ ૨૫-૦૨-૨૦૧૧.
(૩) શિ. વિ.નો ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૦૧૧-૧૫૬૭-ગ, તાઃ ૦૩-૧૦-૨૦૧૧.
(૪) શિ. વિ.નો ઠરાવ ક્રમાંકઃ જીએસી-૧૦૭૭-૫૦૭૭૭-ગ, તાઃ ૬-૮-૧૯૭૭.
(૬) કમિ.શ્રી,શાળાનો પત્રક્રમાંકઃ અનદ/ધ/ફાજલ/૨૦૧૨-૧૩/૬૬૦૫ તા. ૦૨-૦૪-૨૦૧૨.

**આમુખ :-**

ગુજરાત શૈક્ષણિક કાયદા સુધારા અધિનિયમ,૨૦૧૦ અન્વયે ધોરણ-૮ને માધ્યમિક શાળામાંથી ઉચ્ચતર પ્રાથમિક શાળામાં ખસેડવાના કારણે ગ્રાન્ટેડ માધ્યમિક શાળામાં વર્ગ ઘટાડા થતાં, ફાજલ થયેલ શિક્ષક/શિક્ષણ સહાયકને ફાજલનું રક્ષણ તથા ફાજલ શિક્ષકોને અન્ય શાળામાં ફાળવણી બાબતની કાર્યપધ્ધતિ અંગે ઉપર વંચાણમાં લીધેલ (૧) અને (૨)ના ઠરાવ અન્વયે વિગતવાર માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે. ઉક્ત સુચનાઓના સંદર્ભમાં ફાજલ શિક્ષકોને સમાવવા બાબતે કેટલાંક સુધારા કરવા માટે કમિશ્નરશ્રી, શાળાની કચેરી દ્વારા સંદર્ભ-(૫)ના પત્ર અન્વયે દરખાસ્ત કરવામાં આવેલ હતી. આ દરખાસ્ત સરકારશ્રીની વિચારણાના હેઠળ હતી. સરકારશ્રીની કાળજીપુર્વકની વિચારણાના અંતે ઉપર વંચાણે લીધેલ શિ.વિ.ના તાઃ ૨૨-૧૧-૨૦૧૦ અને તાઃ ૨૫-૦૨-૨૦૧૧ના ઠરાવમાં નીચે મુજબ સુધારા કરવામાં આવે છે.

**સુધારા ઠરાવઃ-**

(૧) સંદર્ભ-(૧)માં જણાવેલ શિક્ષણ વિભાગના તાઃ ૨૨-૧૧-૨૦૧૦ના ઠરાવમાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

(I) ફકરા-૩ની હાલની જોગવાઈના બદલે નીચે મુજબનો સુધારો વંચાણે લેવો.

**"નિયમ-(૧) અને (૨) મુજબ કાર્યવાહી કર્યા બાદ જો શિક્ષકો ફાજલ રહે તો તેવા શિક્ષકોને, જે તે જિલ્લાની નગરપાલિકા અને મહાનગરપાલિકા સહિતની પ્રાથમિક શાળાના ઉચ્ચત્તર પ્રાથમિક વિભાગમાં નવા શરૂ થતા ધો-૮ના વર્ગ માટે ઉપલબ્ધ ખાલી જગ્યાઓ, સીધી ભરતીના વિધાસહાયકથી ન ભરતાં પ્રથમ ગ્રાન્ટેડ માધ્યમિક શાળાના વર્ગ ઘટાડાને કારણે ફાજલ શિક્ષક/શિક્ષણ સહાયક દ્વારા ભરવાની રહેશે. આ રીતે ફાજલ શિક્ષક/શિક્ષણ સહાયકને ભર્યા બાદ ખાલી રહેતી જગ્યાએ સીધી ભરતીથી ભરી શકાશે. આ અંગેની કાર્યવાહી જે તે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ, જિલ્લા શિક્ષણાધિકારીના પરામર્શમાં પુરી કરવાની રહેશે."**

(૨) સંદર્ભ-(૨)માં જણાવેલ શિક્ષણ વિભાગના તાઃ ૨૫-૦૨-૨૦૧૧ના ઠરાવમાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

(I) ફકરા-૨ (૩) પછી નીચેનો ફકરો ઉમેરવામાં આવે છે.

(૩)(ક): **"શિ.વિ.ના તા.૬-૮-૧૯૭૭ના ઠરાવથી ગ્રાન્ટ ઈન એઈડ કોડ ૫૫.૧ માં સુધારો કરીને વર્ગ દીઠ શિક્ષકોની સંખ્યા નક્કી કરેલ છે. તેમાં અંશતઃ સુધારો કરીને જે શાળામાં ધો-૯ અને ૧૦ ધોરણ દીઠ માત્ર એક એક વર્ગ એટલે કે ધોરણ-૯ અને ૧૦ના કુલ-૨ (બે) વર્ગની શાળા માટે જ વર્ગ દીઠ ૧.૫ શિક્ષકના માપદંડમાં છુટછાટ આપીને વર્ગ દીઠ બે શિક્ષક પ્રમાણે કુલ-૪ શિક્ષકો (૧ આચાર્ય અને ૩ શિક્ષકો/શિક્ષણ સહાયક) મળવાપાત્ર થશે. અને આવી શાળાઓમાં તાસ અને કાર્યબોજની ફાળવણી નીચે પત્રક-૧ અને ૨ મુજબ કરવાની રહેશે. જે શાળામાં ધો-૯ અને ૧૦ મળીને કુલ-૩(ત્રણ) કે તેથી વધુ વર્ગ હોય ત્યાં વર્ગ દીઠ ૧.૫ શિક્ષકની જોગવાઈ યથાવત રહેશે.**

**વર્ગ દીઠ બે શિક્ષકના સુધારેલા રેશિયાની જોગવાઈ માત્ર ફાજલ શિક્ષકોને સમાવવા પુરતી જ મર્યાદીત રહેશે."**

**પત્રક-૧**

જે શાળાઓમાં ધો-૯ અને ૧૦ નો એક એક વર્ગ હોય તેવી શાળાઓમાં ધોરણ અને વિષયવાર તાસની ફાળવણી

| ક્રમ | વિષય | તાસની સંખ્યા | | કુલ તાસ |
|---|---|---|---|---|
| | | ધોરણ-૯ | ધોરણ-૧૦ | |
| ૦૧ | ગુજરાતી | ૦૫ | ૦૬ | ૧૧ |
| ૦૨ | હિન્દી | ૦૪ | ૦૦ | ૦૪ |
| ૦૩ | અંગ્રેજી | ૦૫ | ૦૭ | ૧૨ |
| ૦૪ | સંસ્કૃત | ૦૪ | ૦૬ | ૧૦ |
| ૦૫ | સમાજવિદ્યા | ૦૫ | ૦૬ | ૧૧ |
| ૦૬ | ગણિત | ૦૭ | ૦૭ | ૧૪ |
| ૦૭ | વિજ્ઞાન | ૦૬ | ૦૭ | ૧૩ |
| ૦૮ | વ્યાયામ | ૦૨ | ૦૦ | ૦૨ |
| ૦૯ | ચિત્ર | ૦૨ | ૦૦ | ૦૨ |
| ૧૦ | કોમ્પ્યુટર | ૦૩ | ૦૫ | ૦૮ |
| ૧૧ | વોકેશનલ ગાઈડ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૨ | ઈતર વિષયો | ૦૧ | ૦૧ | ૦૨ |
| | કુલ | ૪૫ | ૪૫ | ૯૦ |

**પત્રક-૨**

જે શાળાઓમાં ધો-૯ અને ૧૦ નો એક એક વર્ગ હોય તેવી શાળાઓમાં આચાર્ય સહિત શિક્ષકોને કાર્યબોજની ફાળવણી.

| ક્રમ | ધોરણ-૯ અને ૧૦ ની વર્ગ સંખ્યા | કુલ તાસ | આચાર્ય સહિત મળવાપાત્ર શિક્ષકો | આચાર્ય ને ફાળે આવતા તાસ | ૩ શિક્ષકોને ફાળવવાના/ આપવાના તાસ |
|---|---|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૯૦ + ૧૦ વૈકલ્પિક તાસ કોમ્પ્યુટર / વ્યાયામ વગેરે કુલ ૧૦૦ તાસ | ૦૧ આચાર્ય + ૦૩ શિક્ષક કુલ: ૦૪ | ૧૨ | ૮૮ |

**વિશેષ નોંધઃ-** વિષય શિક્ષકના ૨૧ કલાકમાં ઘટતા વર્કલોડને પૂર્ણ કરવા આચાર્યશ્રીએ પોતાની વિવેકબુદ્ધિ અનુસાર નબળા વિદ્યાર્થીઓ માટે ૦ (શૂન્ય) પીરીયડ ગોઠવી વર્કલોડને પૂર્ણ કરી શકશે.

(II) ફકરા-૨ (૪) માં "ક્રમ-૩ ના બદલે ક્રમ-૩ અને (૩)(ક)" વાંચવું.

(III) ફકરા-૨(૭)ની હાલની જોગવાઈના બદલે નીચે મુજબનો સુધારો વંચાણે લેવો.

૨(૭): "ફાજલ શિક્ષક/શિક્ષણ સહાયકને ઉચ્ચતર માધ્યમિક શિક્ષક તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય અથવા માધ્યમિક શિક્ષક તરીકે ૭ વર્ષ કે તેથી વધુ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતા હોય તેવા ફાજલ શિક્ષક / શિક્ષણ સહાયક જો તેમને મળતા પગાર અને પગાર ધોરણમાં કામ કરવાની બાંહેધરી આપે તો તેવા ફાજલ શિક્ષક/શિક્ષણ સહાયકને તેમની શૈક્ષણિક લાયકાત વિષયને અનુરૂપ તે જ શાળામાં અથવા અન્ય શાળાના ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં ઉપલબ્ધ ખાલી જગ્યા સામે સમાવેશ કરી શકાશે."

(IV) ફકરા-૨(૭) પછી નીચેના ફકરા ઉમેરવામાં આવે છે.

(૭) (ક): " માધ્યમિક વિભાગમાં વર્ગ ઘટાડાને કારણે ફાજલ થતાં શિક્ષક જેવા કે ચિત્રકામ,સંગીત અને ઉધોગ જેવા વિષયના શિક્ષક/શિક્ષણ સહાયકને તેમના વિષયને અનુરૂપ અન્ય શાળાઓમાં ખાલી જગ્યા ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં આવા શિક્ષકોને ગ્રંથપાલ તેમજ કારકૂન સંવર્ગની બિન શૈક્ષણિકની જગ્યાઓમાં તેમને મળતાં પગાર અને પગાર ધોરણમા રક્ષણ આપીને સમાવેશ કરી શકાશે."

ભવિષ્યમાં આ પ્રકારની ખાસ વિષયની ખાલી પડતી કે નવી ઉભી થયેલી જગ્યાઓ પર નવી ભરતી ન કરતાં બિન શૈક્ષણિક જગ્યાઓ પર કામગીરી કરતા આવા ફાજલ શિક્ષકોથી જ ભરવાની રહેશે.

(૭)(ખ): "રાજયમાં આર.એમ.એસ.એ. યોજના અંતર્ગત શરૂ કરવામાં આવેલ નવી માધ્યમિક શાળાઓમાં નિયમિત નિમણૂંક ના શિક્ષક/શિક્ષણ સહાયક ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી ગ્રાન્ટેડ શાળાના ફાજલ પડેલા માધ્યમિક શિક્ષકોનો સમાવેશ કરી શકાશે. આ રીતે ગ્રાન્ટેડ શાળાના શિક્ષકોનો સમાવેશ કરતા પહેલા આવા શિક્ષકો પાસેથી તેઓ સરકારી કર્મચારી તરીકેના હક્ક-દાવા કરી શકશે નહિ તથા માતૃ સંસ્થા અથવા અન્ય ગ્રાન્ટેડ માધ્યમિક શાળામાં જ્યારે તેમના વિષયને અનુરૂપ ખાલી જગ્યાઓ ઉપલબ્ધ થશે ત્યારે તેઓને જે તે શાળામાં પરત કરવા જવાનું રહેશે. તે માટે તેઓ વાંધો રજુ કરશે નહી તેવી બાંહેધરી મેળવી લેવાની રહેશે."

સંદર્ભ-(૧), (૨) અને (૪) માં જણાવેલ ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તાઃ ૧-૫-૨૦૧૨ના રોજ મળેલી સમંતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહિ (અવાચ્ય)
**(જે. એલ. પટેલ)**
**સંયુક્ત સચિવ, શિક્ષણ વિભાગ**

## શ્રધ્ધાંજલિ



**તાઃ ૦૩-૦૬-૨૦૧૨ ના રોજ શ્રી કિસાન હાઈસ્કૂલ, મુમનવાસ તાઃ વડગામ જિઃ બનાસકાંઠા ના મ.શિક્ષક ભાઈશ્રી ગલબાભાઈ વિરસંગભાઈ ભટોળ નું દુઃખદ અવસાન થયેલ છે.**

**આ દુઃખદ પ્રસંગે બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ ઘેરા દુઃખની લાગણી વ્યકત કરે છે અને દિવંગત આત્માને પરમશાંતિ પ્રાપ્ત થાય તે માટે પ્રભુને પ્રાર્થના..**



**તમામ હોદ્દેદારશ્રીઓ અને સભ્યશ્રીઓ**
**બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ પરિવાર**

## બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાના ફાજલ થતા શિક્ષકોને રક્ષણ આપવા બાબત.

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ,
**ઠરાવ ક્રમાંકઃ બમશ/૧૩૧૦/૧૨૦૧/ગ,**
સચિવાલય, ગાંધીનગર. તાઃ- ૩૦/૦૫/૨૦૧૨

**વંચાણે લીધા :-**

(૧) શિક્ષણ અને મજૂર વિભાગનો તા: ૩-૭-૬૯નો ઠરાવ ક્રમાંક-એસએસએન-૩૪૬૮-૪૦૪૧૯-ગ

(૨) શિ. વિ.નો ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૩૧૦-૧૨૦૧-ગ, તા: ૨૨-૧૧-૨૦૧૦.

(૩) શિ. વિ.નો ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૦૧૧-૧૫૬૭-ગ, તા: ૨૫-૦૨-૨૦૧૧.

(૪) શિ. વિ.નો તા: ૧૯-૯-૧૧નો પત્ર ક્રમાંકઃ બમશ-૧૩૨૦૧૧-૫૯૯૮૧૭-ગ.

(૫) શિ. વિ.નો સુધારા ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૩૧૦-૧૨૦૧-ગ,તા: ૪-૫-૨૦૧૨.

**આમુખ :-**

ગુજરાત શૈક્ષણિક કાયદા સુધારા અધિનિયમ,૨૦૧૦ અન્વયે ધોરણ-૮ને માધ્યમિક શાળામાંથી ઉચ્ચત્તર પ્રાથમિક શાળામાં ખસેડવાના કારણે ગ્રાન્ટેડ માધ્યમિક શાળામાં વર્ગ ઘટાડા થતાં, ફાજલ થયેલ શિક્ષક/શિક્ષણ સહાયકને ફાજલનું રક્ષણ બાબતે ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૨) થી (૫) ના ઠરાવોથી જરૂરી માર્ગદર્શક સુચનાઓ તથા કાર્યપદ્ધતિ નિયત કરવામાં આવેલ હતી.

વંચાણે લીધેલા ઉક્ત ઠરાવોના અમલમાં કેટલીક વિસંગતતા હોવાના કારણે રાજ્યના વિવિધ સંઘો પૈકી ગુજરાત નઈ તાલીમ સંઘ, ગુજરાત રાજ્ય કલા સંઘ તથા ગુજરાત રાજ્ય વ્યાયામ શિક્ષક મંડળ દ્વારા વિવિધ રજુઆતો કરવામાં આવેલ હતી. ઉક્ત રજુઆતો સંદર્ભે શિક્ષણ વિભાગ કક્ષાએ એક મીટીંગનું આયોજન તા. ૨૩-૫-૨૦૧૨ના રોજ અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગના અધ્યક્ષસ્થાને કરવામાં આવેલ હતું. આ બેઠકમાં કમિશ્નરશ્રી, શાળાઓ તથા અધ્યક્ષ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ તેમજ વિભાગના સબંધિત અધિકારીશ્રીઓ હાજ રહેલ હતા.

પુખ્ત વિચારણાના અંતે ધોરણ-૮નો વર્ગ માધ્યમિક શાળાઓમાંથી બંધ થવાના કારણે ફાજલ પડનાર શિક્ષકોને સમાવવા અંગે ઉદ્‌ભવેલ વિસંગતતા દૂર કરવા નીચે મુજબની વધારાની સૂચનાઓ/સ્પષ્ટતાઓ બહાર પાડવાનું ઠરાવેલ છે.

**ઠરાવઃ-**

**(૧) જે શાળામાં ધો-૯ થી ૧૨ ના કુલ -૪ કે તેથી વધુ વર્ગો હોય તેવી માધ્યમિક / ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં જો જે તે શાળાની સીનીયોરીટીમાં સમાવેશ થતો હોય તો એક (૧) વ્યાયામ શિક્ષકને શાળામાં રાખવા એટલે કે તેમને ફાજલ કરવા નહીં.**

**(૨) જો માધ્યમિક/ઉચ્ચત્તર શાળામાં ધો-૯ થી ૧૨ના સાત (૭) કે તેથી વધુ વર્ગો હોય અને જો જે તે શાળાની સીનીયોરીટીમાં સમાવેશ થતો હોય તો તેવા ચિત્ર શિક્ષકને ફાજલ કરવા નહીં.**

**(૩) ઉપર સંદર્ભ (૧)માં દર્શાવેલા તા. ૩-૭-૬૯ના ઠરાવથી નિયત થયેલ ઉત્તર બુનિયાદી શાળા માટેના ઉદ્યોગ શિક્ષકના નોર્મ્સ લક્ષમાં લેતાં ધો-૯ અને ૧૦નો એક એક એટલે કે માત્ર બે (૨) વર્ગોવાળી ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળામાં ૧.૩ x ૨ - ૨.૬ એટલે કે ૩ (ત્રણ) અને ૨ ઉદ્યોગ શિક્ષક મળીને આચાર્ય સહિત કુલ પાંચ (૫) શિક્ષકો મળવાપાત્ર થશે પરંતુ જો ધો-૯ અને ૧૦ ના કુલ - ત્રણ (૩) વર્ગો હોય તો જુની જોગવાઈ યથાવત રહેશે.**

૨/- ઉપરોક્ત સ્પષ્ટતાઓ લક્ષમાં લઈ સબંધિત શાળાઓમાં વ્યાયામ શિક્ષક, ચિત્રકલાના શિક્ષક તેમજ ઉત્તર બુનિયાદી શાળાઓના ઉદ્યોગ શિક્ષકોને ફાજલ કરવામાં આવે તે જોવાની જવાબદારી સબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓની રહેશે. ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહિ (અવાચ્ય)
**(એન.ડી.હળપતિ)**
**ઉપ સચિવ, શિક્ષણ વિભાગ**

ક્રમાંકઃ અનદ.૧/ફાજલ/૨૦૧૨-૧૩/ ૧૦૬૨૨-૬૭૯
કમિશ્નર, શાળાઓની કચેરી,
૯/૧, ડો.જીવરાજ મહેતા ભવન, ગુ.રા., ગાંધીનગર
તાઃ ૩૧-૦૫-૨૦૧૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તમામ
જાણ અને જરૂરી કાર્યવાહી સારૂ.

સહિ (અવાચ્ય)
**શ્રેયાન અધિક્ષક માધ્યમિક શાખા**

## ગુ.મા.શિક્ષણ બોર્ડને રાજકોટની એક શાળાના ૨૧૦૦ વિદ્યાર્થીઓના પરીણામ રોકવા બાબતે ન્યાય અપાવવા બોર્ડ સદસ્યશ્રી અમરસિંહભાઈ ચૌહાણે કરેલી લેખીત રજુઆત

**અમરસિંહભાઈ એચ. ચૌહાણ**
સદસ્યશ્રી,
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર-
માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
તારીખ : ૧ જૂન, ૨૦૧૨

પ્રતિ,
અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ - ગાંધીનગર.

**વિષયઃ- ધો.૧૨ સામાન્ય પ્રવાહના અટકાવાયેલા પરીણામને તાકીદે જાહેર કરવા બાબત**

માનનીયશ્રી,

ઉપરોક્ત વિષયો બાબતે અમારી ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ સભ્ય રજૂઆત છે કે, ચાલુ વરસે લેવાયેલી ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાઓમાં રાજકોટની એક શાળામાં સામુહીક કોપીની આશંકાથી ૨૧૦૦ જેટલા પરીક્ષાર્થીઓનું પરીણામ ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ દ્વારા અટકાવવામાં આવ્યું હોવાની અમારી પાસે રજૂઆત આવી હતી.

આ બાબતે અમોએ જાત તપાસ કરી કાનૂની પાસાઓનો અભ્યાસ કરતા એવા તારણ ઉપર આવેલ છીએ કે, આ કથિત સામુહીક કોપી બાબતે પરીક્ષા સુપરવાઇઝર, કેન્દ્ર સંચાલક કે સ્થાનિક સ્કવોર્ડ સુધ્ધાંએ કોઇ રીપોર્ટ કે કોપી કેસ કરેલ નથી. આ કથિત કેસમાં સામુહીક કોપી થઇ હોય તો તે બાબત પણ ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડની પરીક્ષા પધ્ધતિની નિષ્ફળતાઓ પુરવાર કરે છે, અને આવી બોર્ડની નિષ્ફળતાના કારણે પુરતા પુરાવાઓ વગર તમામ ૨૧૦૦ બાળકોના ભવિષ્યને બાન કરી તેમની કારકીર્દી રગદોળવાનો કોઇને કાનૂની અધિકાર નથી.

જો ફક્ત શંકાના આધારે બાળકોના પરીણામ અટકાવવામાં આવતા હોય તો આ જ કેસમાં આવી જ શંકાના આધારે તત્કાલીન સુપરવાઇઝર, કેન્દ્ર સંચાલક, સ્થાનિક સ્કવોર્ડ સભ્યો અને ડીઇઓને પણ હંગામી ધોરણે સસ્પેન્ડ કરવા જોઇએ તેમ હું માનુ છુ.

આ કેસમાં તમામ ૨૧૦૦ બાળકો પૈકી કોઇ પણ બાળક કોપી કરતા પકડાયો નથી તેમ છતાં બોર્ડે તેમનું પરિણામ અટકાવીને નિર્દોષોને સજા કરવાનું કૃત્ય આડકતરી રીતે કર્યુ છે. આ ગેરબંધારણીય નિર્ણય છે. ન્યાયના આદર્શો પ્રમાણે પણ સો દોષિતો ભલે છૂટી જાય પણ એક નિર્દોષને સજા થવી ન જોઇએ તેવી પ્રણાલી પ્રસ્થાપિત થયેલી છે. આ કેસમાં તો એક પણ બાળક કોપી કરતા પકડાયેલ નથી તો પરીણામ અટકાવવાની સજા શા માટે ભોગવે.

આ રીતે પરીણામ અટકવાથી આ નિર્ણયનો ભોગ બનનાર બાળકોને હાલમાં આગળ પ્રવેશ મળે નહી અને તેના પ્રવેશના હકકો છીનવાઇ જાય, તેની કારકીર્દી રોળાઇ જાય તેવા દુષ્કર્મમાં ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડે પડવુ ન જોઇએ.

આથી મારી આગ્રહભરી રજૂઆત છે કે, ખરેખર દોષિત કોણ છે તે હજી પણ પુરવાર ન થઇ શકતુ હોય તો હવે આ કેસમાં અટકાવાયેલ તમામ ૨૧૦૦ પરીણામો તાત્કાલિક જાહેર કરી દેવા જોઇએ, અને જ્યારે પણ તપાસ પુરી થાય અને કોપી કેસમાં જે દોષિત પરવાર થાય તેનું પરીણામ રદ કરી દેવું જોઇએ.

જો આ પરીણામ તાત્કાલિક જાહેર કરવામાં નહી આવે અને બોર્ડના અન્યાયી નિર્ણયવશ કોઇ બાળક હતાશાથી કોઇ અઘટીત પગલું ભરશે તો આવા નિર્ણય કરનારની વિરૂધ્ધમાં હું જાતે પોલીસ કેસ કરીશ તેની સખેદ નોંધ લેવા પણ આપને જણાવવામાં આવે છે.

આપનો સહૃદયી,

આપનો સહૃદયી
(અમરસિંહ એચ.ચૌહાણ)

**મુખ્ય સંપાદક :** શ્રી હરપાલસિંહ પી. પઢિયાર સરદાર કૃષિનગર વિદ્યાલય, દાંતીવાડા મો. ૯૯૨૫૨ ૭૯૭૧૦

**સંપાદક મંડળ :**(૧)શ્રી કે.આર.સૈયદ- ગુજરાત હાઈસ્કૂલ, પાલનપુર (૨) શ્રી સેવંતીલાલ દરજી-(કુંભાસણ) પાલનપુર ગ્રામ્ય.(૩) શ્રી કનુભાઈ વી.મોદી (કુડા) ડીસા (૪) શ્રી રામજીભાઈ જોશી-દિયોદર (૫) શ્રી અંબાલાલ પરમાર -ધાનેરા (૬) શ્રી સુભાષભાઈ વ્યાસ-(માવસરી) વાવ (૭) શ્રી ભરતભાઈ ડાભાણી-(ભોરડું) થરાદ (૮) શ્રી સુરેશભાઈ ઠાકર- કાંકરેજ (૯) શ્રી રસુલભાઈ પી. માકણોજીયા- (ઈકબાલગઢ) અમીરગઢ.

**મુદ્રક : વિશાલ ઓફસેટ, દ્રોણ બિલ્ડીંગ, જિ.પંચાયત સામે, પાલનપુર. ફોનઃ (ઓ) ૨૫૪૭૯૫૧ (રહે.) ૨૫૪૭૮૯૬.**

**નોંધઃ (૧) અત્રે છપાયેલ લેખોમાં લેખકના વિચારો સાથે તંત્રી સહમત જ છે એવું કયારેય શકય ન પણ હોય.**

**(૨) કાનૂની વિવાદનું ક્ષેત્ર માત્ર પાલનપુર શહેર જ રહેશે.**